dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

July 2010 For private circulation only Vol. 02 - Issue 38

केवल आर्थिक व्यक्तित्व, केवल सामाजिक व्यक्तित्व या राजनीतिक व्यक्तित्वसे समाज ठीक चल नहीं सकता । तीनों जीवनके अभिन्न अंग है । पर, जब चौथे व्यक्तित्व–आध्यात्मिक व्यक्तित्व का विकास होता है – तब तीनों संतुलित रहते हैं । आज सबसे बडी समस्या यही है कि एक व्यक्तित्व पर ज्यादा भार लाद दिया जाता है और शेष व्यक्तित्वोंकी उपेक्षा की जाती है । आज तीनों व्यक्तित्वों पर बहुत भार दिया गया है । इतना भार कि वे बेचारे सहन ही नहीं कर पा रहे हैं । चौथा व्यक्तित्व उपेक्षित पडा है । यह अनुभव ही नहीं हो पा रहा हैं कि उसकी भी कोई आवश्यकता है । जब तक आध्यात्मिक व्यक्तित्व की बान नही जुडती, तब तक तीनों व्यक्तित्व सदोष बने रहेंगे । तीनो की मर्यादाए लडखडाती रहेंगी । वर्तमान में कुछ ऐसा ही हो रहा है । जब आध्यात्मिक व्यक्तित्व का विकास होता है, तब दूसरे सारे व्यक्तित्व स्वतः पवित्र बन जाते हैं ।

आचार्यश्री महाप्रज्ञ

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓના વ્યકિતત્વ વિકાસમાં અહ્‌મ ભૂમિકા ભજવવી એ વિશ્વવિદ્યાલયનું પ્રમુખ કર્તવ્ય છે. આજે, વ્યકિતત્વ વિકાસ એટલે સામેની વ્યકિત અંજાઈ જાય તેવો પહેરવેશ, વાક્‌છટા જેવા પ્રભાવહીન પ્રયત્નો થકી સફળતા મેળવવાની વાતો. વ્યકિતત્વ વિકાસ માટે પશ્ચિમી ઢબનું પ્રચુર સાહિત્ય તથા અભ્યાસ વર્ગો પણ સારી કમાણી માટેના સાધન બની ગયાં છે. વ્યકિતત્વ વિકાસ ભારતીયતાના સંદર્ભે વિચારવાની તાતી જરૂરિયાત લાગે છે.

સાંપ્રદાયિક ચેતનાના સીમાડાઓને ઓળંગી વિસ્તરેલા જૈન ધર્મસંઘ તેરાપંથના દસમા આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીની આત્મકથા "यात्रा एक अकिच्चन की" ગ્રંથનું વિમોચન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. મૂળ ગુરુ પૂર્ણિમાના દિવસે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું હતું; મારી પ્રતિકૂળતા હોઈ, તે દિવસે કાર્યક્રમ ન થયો પરંતુ તે કાર્યક્રમ ૨૭મી જુલાઈએ યોજાયો. કુલ ૩૭૫ પેજમાં લખાયેલું આચાર્યશ્રીનું જીવન વાંચતા, વ્યકિતત્વ વિકાસ માટેની સાચી ચાવી હાથ લાગી હોય તેવો અહેસાસ થયો.

આચાર્યશ્રી વ્યકિતત્વના ચાર પાસા જણાવે છે. વ્યકિતએ સમાજ સાથે તાદાત્મ્ય કેળવી સહજીવન ગુજારવાનું હોય છે. સમાજને છોડી વ્યકિત એકલી કયારેય જીવી શકતી નથી. વ્યકિતનું સામાજિક જીવન અનેક વ્યકિતઓ સાથે ગુંથાયેલું-વિસ્તરેલું હોય છે. વ્યકિતની પોતાની તેમજ અન્ય વ્યકિતઓ વચ્ચેની સ્વાર્થની ભૂમિકા અતુટ જોડાયેલી હોય છે. આથી સામાજિક વ્યકિતત્વ સંઘર્ષોથી ભરેલું છે. બીજું પાસુ, આર્થિક વ્યકિતત્વનું છે. જીવનની તમામ જરૂરિયાતો અર્થના માધ્યમ થકી પૂરી થાય છે. જેવી વ્યકિતની બુધ્ધિ તેટલું ધન તે એકત્ર કરે છે. વધુ ધન એકત્ર કરવા વ્યકિતના વિચારોમાં, કાર્યોમાં, વ્યવહારમાં વિરોધાભાસ જોવા મળે છે. વિરોધાભાસયુકત સમાજ વ્યવસ્થામાં આર્થિક વ્યવસ્થાના વિરોધાભાસના ઉમેરણથી પૂરી વ્યવસ્થા વિરોધાભાસ યુકત બની છે. ત્રીજો વિરોધાભાસ, રાજનીતિના વ્યકિતત્વમાં છે. રાજનીતિમાં પીરામીડની ટોચ પર એક જ વ્યકિત બિરાજી શકે છે. આથી ટોચ પર બેસવાની હોડમાં વ્યકિત સાન-ભાન ભૂલી જાય છે. વિવેક-મર્યાદાનો લોપ થાય છે, આ ત્રણે પ્રકારના વ્યકિતત્વના પાસાઓમાં જીવનના ધ્યેય અને આચરણમાં માત્ર અને માત્ર વિરોધાભાસ જ છે.

સામાજિક વ્યકિતત્વ, આર્થિક વ્યકિતત્વ અને રાજકીય વ્યકિતત્વની વિષમતાઓ દૂર કરવી હોય તો વ્યકિતમાં આધ્યાત્મિકતાનો વિકાસ કરવો જરૂરી છે. આધ્યાત્મિક વ્યકિતત્વ પ્રગટ થતાં સ્વાર્થ અને વિષમતાને બદલે સંયમ પ્રગટશે. વિષમતાને સ્થાને સમતા સ્થપાશે અને સ્વાર્થનું રૂપાંતર ત્યાગમાં થશે. આથી જો આધ્યાત્મિક વ્યકિતત્વ પ્રગટ ન થાય તો બાકીના વ્યકિતત્વના પાસાઓ ચિરંજીવી સ્થાયી શાન્તિ સ્થાપવામાં કયારેય સફળ ન થાય. આધ્યાત્મિક વ્યકિતત્વ વિના સફળતા ક્ષણિક જ હોય, કાયમી સફળતા ન મળે.

આચાર્યશ્રીની આત્મકથામાં આધ્યાત્મિક સફળતા મેળવવાના સૂત્રો અનુભવ આધારિત સરળ ભાષામાં રજૂ થયાં છે. સમગ્ર આત્મકથા ત્રણ મુખ્ય ખંડોમાં વિસ્તરેલી છે. પ્રથમ ખંડ 'नया आकाश: नया नक्षत्र'માં આચાર્યશ્રી પોતાના અંગત જીવનની વાતો સંક્ષિપ્તમાં જણાવે છે. પ્રથમ પ્રકરણ શરૂ થાય છે- હું મુનિ કેમ બન્યો ? ત્યારબાદ પોતાની જન્મભૂમિ તથા પરિવાર, દસ વર્ષની ઉંમરે પોતાની સાથે દીક્ષા લેનાર તેમના માતૃશ્રી, દીક્ષા ગુરૂ આચાર્યશ્રી કાલૂગણીજી તથા વિદ્યા ગુરૂ આચાર્યશ્રી તુલસી, તેમનો અભ્યાસ, કાવ્ય-ચેતના, સ્વાસ્થ્ય રહસ્યો, ડાયરીના કેટલાંક પૃષ્ઠો તથા છેલ્લે, આચાર્યશ્રીએ પોતાની સફળતાના રહસ્યો ઉદ્‌ઘાટિત કર્યા છે.

સંસ્કૃતમાં ભાષણ આપવા માટે આચાર્યશ્રીની સાધના ટાંકવાનો લોભ જતો કરી શકતો નથી. વિ.સં. ૨૦૦૨નો ચાતુર્માસ શ્રી ડુંગરગઢ મુકામે હતો. સંસ્કૃતના પંડિત શ્રી બુધ્ધદેવ આર્યે સસ્કૃતમાં પોતાનું ભાષણ આપ્યું. આચાર્ય તુલસીએ બધા જૈન મુનિઓને જણાવ્યું કે, આપણા મુનિઓ પણ સંસ્કૃતનો ખૂબ ઊંડો અભ્યાસ ધરાવે છે. પણ સંસ્કૃતમાં ભાષણ આપવાનો મહાવરો નથી. જૈન મુનિઓને સંસ્કૃતમાં ભાષણ કરતાં પણ આવડવું જોઈએ. ગુરૂની ઈચ્છાને માન આપી મુનિ નથમલે (આચાર્ય મહાપ્રજ્ઞજીનું પૂર્વાશ્રમનું નામ) પ્રયત્નો શરૂ કર્યા. શ્રી ડુંગરગઢની બહાર રેતીના મોટા ટેકરાઓ છે. આચાર્યશ્રી દરરોજ એક ઊંચા રેતીના ટેકરા પર ઉભા રહી સંસ્કૃતમાં ભાષણ આપતા. બોલનાર પણ સ્વયં જ તથા શ્રોતા પણ સ્વયં જ. ઉપર આકાશ, નીચે ધરતી. ચારે બાજુ રેતીના ટેકરાઓ. આવો અભ્યાસ આચાર્યશ્રીએ બે માસ સુધી કર્યો. ત્યારબાદ આચાર્ય તુલસીએ જણાવ્યું કે હવે હું સંસ્કૃતમાં ભાષણ કરી શકું છું. એક અધ્યાપકને માટે તો આનાથી ઉત્તમ રોલ મોડલ કયું હોઈ શકે ? જો દરેક અધ્યાપક પોતાના દરેક તાસને આ પ્રકારની દ્રષ્ટિ રાખી તૈયારી સાથે વર્ગમાં જાય તો ઉમાશંકર જોશીએ કહેલું તેમ "વર્ગ સ્વર્ગ બની જાય."

આત્મકથાનો બીજો ભાગ- 'अन्वेषण और अभिनव उन्मेष'માં તેઓ આચાર્ય પદે બિરાજયા તે પહેલાં કરેલા કાર્યનું નિરૂપણ છે; જેમાં આચાર્યશ્રી દ્વારા કરવામાં આવેલ જૈન આગમોના સંપાદનનું કાર્ય, પ્રેક્ષાધ્યાનના પ્રયોગો, જીવન વિજ્ઞાન થકી માનવીય ચેતનાના ઉર્ધ્વારોહણ તથા અહિંસાની કેળવણી એમ ચાર ભાગમાં અનુભવસિધ્ધ બાબતો વર્ણવવામાં આવી છે. આચાર્યશ્રીની આઠ દાયકાની સાધનાનો નિચોડ આ ભાગમાં દર્શાવેલ છે. સૌથી અગત્યની બાબત એ છે કે જીવનનું આવું ગુઢ રહસ્ય આચાર્યશ્રી સહજ સરળ ભાષામાં પ્રયોજીને રજૂ કરેલું છે. नयी व्यवस्था : नये दायित्व નામક ત્રીજા ખંડમાં મુનિ નથમલ યુવાચાર્ય થી આચાર્ય પદાભિષેક પામ્યા તેની પૃષ્ઠભૂમિ, તેમના સંકલ્પો તથા અનેક વ્યકિતઓ સાથેના સંભારણાં પ્રસ્તુત કરે છે. જૈન ધર્મસંઘ તેરાપંથના તેઓ પ્રથમ આચાર્ય છે જેમની આચાર્ય પદે નિયુકિત, નવમા આચાર્ય તુલસીએ તેમની હયાતીમાં સ્વેચ્છાએ ગાદી ખાલી કરી, શ્રી મહાપ્રજ્ઞજીને આચાર્ય પદે બેસાડયા હતા. સામાન્યતઃ એક આચાર્યશ્રીના સ્વર્ગારોહણ બાદ જ, આચાર્ય પદ અન્યને સોંપાતું હોય છે. આચાર્યશ્રી તુલસીની, શ્રી મહાપ્રજ્ઞજીની શકિતઓ વિશે સંપૂર્ણ જ્ઞાન તથા યોગ્યતાથી વિશેષ આમાં કંઈ જ નહોતું. ગુરુની હયાતીમાં, શિષ્ય ગુરૂ બને તેવી વિરલ આ ઘટના છે.

સમગ્ર આત્મકથા ખૂબ જ સરળ ભાવવાહી શબ્દોમાં આકાર પામેલી છે. સૌને માટે જીવનમાં ઉપયોગી થાય તેવી બાબત પ્રથમ ખંડના છેલ્લા પ્રકરણ - मेरे जीवन की सफलता के कुछ सूत्रમાં દર્શાવી છે. પ્રકરણની શરૂઆતના બે વાકયોમાં આચાર્યશ્રી લખે છે. मैं उस सत्य को अनावृत्त करना चाहता हूं, उद्घाटित करना चाहता हूं जिसके आधार पर व्यकित अपनी जीवन शैलीका निर्माण करता है । वह स्वयं के लिए और दूसरों के लिए बहुत लाभदायक बन सकता है । આચાર્યશ્રી લખે છે કે, કેટલીક બાબતોનું અનુશીલન કરવાથી તેમનું ત્રીજું નેત્ર ખુલી ગયું. ત્રીજુ નેત્ર ઉદ્‌ઘાટિત થવું એટલે કે વિવેક ચેતના જાગવી. ત્રીજા નેત્રનું ખુલવું એટલે કે સમતાનો વિકાસ થવો. આનો બીજો અર્થ આચાર્યશ્રી કરે છે અંતરદ્રષ્ટિ જાગી જવી. જે વ્યકિત વિવેક, સમતા અને અંતરદ્રષ્ટિને સાથે રાખી ચાલે છે તેનું ત્રીજું નેત્ર ખુલી જાય છે. જયારે ત્રીજું નેત્ર ખુલે, પછી નિષ્ફળતા ટકી શકતી નથી.

આચાર્યશ્રીએ જે સૂત્રો આપ્યાં છે જેનાથી તેઓ સાધુ તરીકે, મુનિ તરીકે, આચાર્ય તરીકે, સાહિત્યકાર તરીકે, કવિ તરીકે, આગમ સંપાદક તરીકે, ધર્મના વડા તરીકે એમ અનેક ભૂમિકાઓમાં સફળ રહયા પૈકીનાં કેટલાંક સૂત્રો છે - અનેકાન્તની દ્રષ્ટિ, અનુશાસન યુકત જીવન, સ્વેચ્છાકૃત વિનમ્રતા અને આત્માનુશાસન, નિસ્પૃહતા, આશાવાદી દ્રષ્ટિકોણ, પુરુષાર્થયુકત જીવન, ધૈર્ય અને પ્રતીક્ષાના ગુણો, વ્યવહાર-કૌશલ, લાગણી પર અંકુશ- ઉપશાંત કુષાય, પ્રગાઢ શ્રધ્ધા, જીવનનું કેન્દ્રીય લક્ષ્ય અને તે અનુરૂપ જીવન. સૌથી મહત્વની બાબત દર્શાવતાં આચાર્યશ્રી લખે છે કે, મેં જીવનમાં બે ખૂબ જ મહત્વના સંકલ્પો બાળપણથી લીધેલા. એક, હું એવું કોઈ કાર્ય નહીં કરું જેનાથી મારા ગુરૂ આચાર્યશ્રી તુલસીને દુઃખ પહોંચે અને બીજું, બીજાઓનું અનિષ્ટ ચિંતન કયારેય નહીં કરું. પ્રથમ ખંડનું છેલ્લું પ્રકરણ ખૂબ જ સંક્ષિપ્તમાં નિરૂપાયેલ હોવા છતાં, જીવનમાં કાયમી સફળતા મેળવવા ઈચ્છતી તમામ વ્યકિતઓ માટે ખૂબ જ અમૂલ્ય ભાથાથી ભરપૂર છે.

જૈન ધર્મના સાધુ જીવનના આચારનો લોપ કર્યા વિના, ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય સાધનાર, સાંપ્રદાયિક ચેતનાના સિમાડાઓ ઓળંગી સમગ્ર જીવન માનવ ધર્મ પર કેન્દ્રિત કરનાર આચાર્યશ્રીની આત્મકથા, ચિંતનનું ભાથું પૂરું પાડનાર, માણસ બનવા મથતા વ્યકિત માટે ભોમિયાની ગરજ સારે તેવું છે. 'વાંચે ગુજરાત પ્રકલ્પ' હેઠળ આચાર્યશ્રીના અન્ય પુસ્તકો યુવાનોને નવી દિશા આપનારા છે જેમાં : મને જીતે જીત, ભીતર કી ઓર, ભેદમાં અભેદ, આભા મંડલ, સમસ્યા કા સાગર-અહિંસા કી નૌકા, સમય સારઃ નિશ્રય ઔર વ્યવહાર કી યાત્રા, શરીર ઔર આત્મા, પરિવાર કે સાથ કૈસે રહે, કૈસે સોચે, પરિવાર એક પ્રેમ તીર્થ, કિસને કહા મન ચંચલ હૈ, ધી ફેમીલી એન્ડ ધી નેશન-એ.પી.જે. અબ્દુલ કલામ સાથે, તેમજ આચાર્યશ્રીના પ્રવચનો-'મહાપ્રજ્ઞને કહા'ના ત્રીસથી વધુ ભાગો આચાર્યશ્રી કૃત બસોથી વધારે પુસ્તકોમાં કયાંય સંપ્રદાયની વાત આવતી જ નથી. તમામમાં કેન્દ્રસ્થ છે માનવ ધર્મ.

'વાંચે ગુજરાત'ના આ વર્ષમાં આચાર્યશ્રીના માનવધર્મને કેન્દ્રમાં રાખીને લખાયેલ સાહિત્ય સંપૂર્ણ વ્યકિત્વના નિર્માણ માટે મથી રહેલા અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ માટે પાયો બની રહે તેવી મંગલભાવના સહ,

૩૦ જુલાઈ, ૨૦૧૦ બી.એ. પ્રજાપતિ

કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## International Conferences USA



Dr. Apurva A Desai, Professor and Head, Department of Computer Science was invited by WORLDCOMP 2010 to present his research paper "Handwritten Gujarati Numeral Optical Character Recognition using Hybrid Feature Extraction Technique" in the 14th International conference on Image Processing, Computer Vision and Pattern Recognition. This is one of the conferences which took place in LAS VEGAS, USA during 12th July, to 15th July, 2010 with other twenty simultaneous conferences. Prof. Desai was also nominated chairperson of a paper reading session. This paper has also been published in the conference proceeding. He availed travel grants from Department of Science and Technology (DST), New Delhi and UGC unassigned grant for attending this conference. During his visit he also visited Harris Corporation Engineering Centre, a Department of Computer Engineering, University of Central Florida, Orlando.

## Academic Programme

Ms. Lalita D'Souza, Reference Librarian at The American Center, Mumbai, visited Department of English on 14 July, 2010. Prof. Rakesh Desai introduced the topic of multiculturalism to the students. Then, Lalita D'Souza introduced e-journal USA: Multiculturalism in the United States Today, followed by a discussion on multicultural ism. DVD screening of the American authors Thoreau and Toni Morrison also took place. At the end of the programme, Dr. Mahesh Dey proposed the vote of thanks.

## Ph.D.

A list of Doctoral theses accepted by Veer Narmad South Gujarat University, Surat during July 2010.

**Bioscience**

1. Sharma, Nitinkumar. **Studies on morpho-histology and effect of treated effluent of ONGC on some agricultural plants.** (Dr. Y.J. Thanki), Professor, Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat.

**Chemistry**

1. Kuperkar, Ketan Chandubhai. **Molecular interaction of surfactants in aqueous solution.** (Dr. P. Bahadur), Professor & Head, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.
2. Patel, Nayankumar Bachubhai. **Conventional and Microwave assisted synthesis and characterization of new chelating ion exchange resins derived from substituted phenols for the study of heavy metal exchange using aas.** (Dr. Bhavna A. Shah), Associate Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

**Education**

1. Patel, Mansukhbhai Narsingbhai. **ગુજરાત રાજયની બી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓના રાષ્ટ્રભાષા હિન્દી પ્રત્યેના વલણોનો કેટલાંક ચલોના સંદર્ભમાં અભ્યાસ.** (Dr. Nanubhai D. Patel), Principal Shri Rang Shikshan Mahavidyalaya, Bilimora.

## સેનેટ-નિમણૂંક

ડૉ. મહેન્દ્રભાઈ એચ. ચૌધરી
ડી.-૫૦, રાધાબાગ સોસાયટી, શિશુમંદિરની સ્કૂલની પાછળ, શાસ્ત્રી રોડ, બારડોલી-૩૯૪૬૦૨.

## મુલાકાત

ધી અમેરિકન લાઈબ્રેરી, મુંબઈના રેફરન્સ લાઈબ્રેરીઅન લલીતા ડિસોઝાએ તા. ૧૪-૭-૨૦૧૦ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયની શુભેચ્છા મુલાકાત લીધી. મુલાકાત સમયે લલીતા ડિસોઝાએ ગ્રંથાલયના વિવિધ વિભાગો નિહાળ્યા હતા. અને ખાસ કરીને છેલ્લાં બે વર્ષ દરમ્યાન તૈયાર કરવામાં આવેલા ૨૪ સ્વતંત્ર ગ્રંથસંગ્રહોને નિહાળીને અભિભૂત થયાં હતા. લલીતા ડિસોઝાએ અમેરિકન લાઈબ્રેરીના પરિચયનું સાહિત્ય આપ્યું હતું અને ગ્રંથાલયશાસ્ત્રના વિવિધ જર્નલ્સમાં પ્રસિધ્ધ થયેલ સંશોધન લેખો વિનામૂલ્યે અને અમેરિકન લાઈબ્રરીમાંથી ભેટ સ્વરૂપે ગ્રંથો મોકલવા પણ જણાવ્યું હતું.

## ભેટ પુસ્તકો

નીચે દર્શાવેલ દાતાશ્રીઓ તરફથી યુનિવર્સિટી ગ્રંથાલયને પુસ્તકો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.

1. **Colonial Modernization and Gandhi.** / Saila, Kumar Ghose. (Donor: Dr. Srabashi Basu, Kolkata).
2. **Dianetics: The Original Thessis.** (Hindi) / L.R.Hubbard. (Donor: N.E.P.I., Denmark).
3. **Dianetics: The Evolution of a Science.** (Hindi) / L.R.Hubbard. (Donor: N.E.P.I., Denmark).
4. **Dianetics: The Modern Science of Mental Health.** (Hindi) / L.R.Hubbard. (Donor: N.E.P.I., Denmark).
5. **Self analysis.** (Hindi) / L.R.Hubbard. (Donor: N.E.P.I., Denmark).
6. **Scientology: The Fundamentals of Thought.** (Hindi) / L.R.Hubbard. (Donor: N.E.P.I., Denmark).
7. **The Problems of Work.** (Hindi) / L.R.Hubbard. (Donor: New Era Publications International, Denmark).
8. **Scientology: A New Slant on Life.** (Hindi) / L.R.Hubbard. (Donor: N.E.P.I., Denmark).
9. **The Way to Happiness.** (Hindi) / L.R.Hubbard. (Donor: N.E.P.I., Denmark).
10. **1857 and After Literary Representations.** Edited by: R.N.Rai and others. (Donor: Government of India)
11. **Reservation for Muslims: Politics and Legalities.** /Md.Shafiquzzaman. (Donor: Government of India)
12. **Chandogya Upanisad: Translation and Commentary.**/Swsami Muni Narayana Prasad. (Donor: Government of India)
13. **Ancient Gods and Heroes of East and West.** /Matra Vannucci. (Donor: Government of India)

## આંતર કોલેજ રમત-ગમત સ્પર્ધાનો કાર્યક્રમ ૨૦૧૦-૧૧

**૧. ખો–ખો (ભાઈઓ/બહેનો)**
(આયોજક : આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા. સ્પર્ધાની તા. ૨, ૩, ઓગસ્ટ ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૪-૮-૨૦૧૦).

**૨. બેડમીન્ટન (ભાઈઓ/બહેનો)**
(આયોજક : (ભાઈઓ) સર કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત. (બહેનો બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ. સ્પર્ધાની તા. ૯, ૧૦, ૧૧, ઓગસ્ટ ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૧૨-૮-૨૦૧૦).

**૩. ક્રોસ કન્ટ્રી રેસ (ભાઈઓ/બહેનો)**
(આયોજક : બી.વી. અવિચલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી. સ્પર્ધાની તા. ૨૦, ૨૧, ઓગસ્ટ ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૧-૮-૨૦૧૦).

**૪. વેઈટ લીફટીંગ, પાવર લીફટીંગ અને બેસ્ટ ફિઝીકસ**
(આયોજક : જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી. સ્પર્ધાની તા. ૨૫, ૨૬, ઓગસ્ટ ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૭-૮-૨૦૧૦).

**૫. જીમ્નાસ્ટીક એન્ડ મલખમ રીધામીક (ભાઈઓ/બહેનો)**
(આયોજક : શ્રી સી.પી. ડિગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન, રાજપીપળા. સ્પર્ધાની તા. -- આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૩-૮-૨૦૧૦).

**૬. કુસ્તી (ભાઈઓ)**
(આયોજક : સર કે.પી. કોમર્સ કોલેજ, સુરત. સ્પર્ધાની તા. --. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૩૦-૮-૨૦૧૦).

**૭. બોક્ષીંગ (ભાઈઓ)**
(આયોજક : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. સ્પર્ધાની તા. ૩, સપ્ટેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૪-૯-૨૦૧૦).

**૮. ફૂટબોલ (ભાઈઓ)**
(આયોજક : સર કે.પી. કોમર્સ કોલેજ, સુરત. સ્પર્ધાની તા. ૬, ૭, ૮, સપ્ટેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૯-૯-૨૦૧૦).

**૯. બાસ્કેટબોલ (ભાઈઓ)**
(આયોજક : સર કે.પી. કોમર્સ કોલેજ, સુરત. સ્પર્ધાની તા. ૧૩, ૧૪, સપ્ટેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૧૫-૯-૨૦૧૦).

**૧૦. વોલીબોલ (ભાઈઓ)**
(આયોજક : લક્ષ્મી ઈન્ટુ. ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સરીગામ. સ્પર્ધાની તા. ૧૬, ૧૭, સપ્ટેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૧૮-૯-૨૦૧૦).

**૧૧. સાયકલીંગ (ભાઈઓ/બહેનો)**
(આયોજક : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. સ્પર્ધાની તા. --. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૦-૯-૨૦૧૦).

**૧૨. હેન્ડબોલ (ભાઈઓ)**
(આયોજક : શ્રી સી.પી. ડિગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન, રાજપીપળા. સ્પર્ધાની તા. ૨૧, ૨૨, સપ્ટેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૩-૯-૨૦૧૦).

**૧૩. બાસ્કેટબોલ (બહેનો)**
(આયોજક : પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી. સ્પર્ધાની તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૫-૯-૨૦૧૦).

**૧૪. જુડો (ભાઈઓ/બહેનો)**
(આયોજક : લક્ષ્મી ઈન્ટુ. ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સરીગામ. સ્પર્ધાની તા. -- . આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૭-૯-૨૦૧૦).

**૧૫. હોકી (બહેનો)**
(આયોજક : રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી. સ્પર્ધાની તા. -- . આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૯-૯-૨૦૧૦).

**૧૬. ક્રિકેટ (ભાઈઓ)**
એ-ઝોન (આયોજક : સી.બી. પટેલ કોલેજ, ભરથાણા. બી-ઝોન (આયોજક : પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી. સી-ઝોન (આયોજક : એમ.કે.કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ. ડી-ઝોન (આયોજક : શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ. ઈન્ટર ઝોનલ (આયોજક : એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોમર્સ કોલેજ, સુરત. (સ્પર્ધાની તા. -- . આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૧૩ થી ૧૯ ઓકટોબર ૨૦૧૦).

**૧૭. કબડ્ડી (બહેનો)**
(આયોજક : જે. પી. પારડીવાલા આર્ટસ-કોમર્સ કોલેજ, કિલ્લપારડી. સ્પર્ધાની તા. ૧૪, ૧૫ ઓકટોબર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૩-૯-૨૦૧૦).

**૧૮. એથ્લેટીકસ (ભાઈઓ/બહેનો)**
(આયોજક : એમ.કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ. સ્પર્ધાની તા. --. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૧-૧૧-૨૦૧૦).

**૧૯. ક્રિકેટ (બહેનો)**
(આયોજક : શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ. સ્પર્ધાની તા. -- . આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૭-૧૧-૨૦૧૦).

**૨૦. કબડ્ડી (બહેનો)**
એ ઝોન અને સી ઝોન, બીઝોન-ડી ઝોન, ઈન્ટર ઝોનલ (આયોજક : બી.વી. અવિચલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી. સ્પર્ધાની તા. ૨૬, ૨૭, ૨૯, નવેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૩૦-૧૧-૨૦૧૦).

**૨૧. હોકી (ભાઈઓ)**
(આયોજક : રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી. સ્પર્ધાની તા. ૧, ૨, ડિસેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૩-૧૨-૨૦૧૦).

**૨૨. ટેનિસ (ભાઈઓ)**
(આયોજક : બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ. સ્પર્ધાની તા. ૬, ૭, ડિસેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૮-૧૨-૨૦૧૦).

**૨૩. વોલીબોલ (ભાઈઓ)**
એ-ઝોન (આયોજક : ઉધના સીટીઝન કોમર્સ કોલેજ, ઉધના. બી-ઝોન (આયોજક : પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી. સી-ઝોન (આયોજક : શ્રી સી.પી ડિગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન, રાજપીપળા. ડી-ઝોન, રોફેલ બી.બી.એ. કોલેજ, વાપી. સ્પર્ધાની તા. ૨૦, ૨૧, ડિસેમ્બર ૨૦૧૦. ઈન્ટર ઝોનલ, (આયોજક : શ્રી સી.પી. ડિગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન, રાજપીપળા. સ્પર્ધાની તા. ૨૩, ૨૪ ડિસેમ્બર ૨૦૧૦. આંતર યુનિવર્સિટી ટીમ પસંદગીની તા. ૨૪-૧૨-૨૦૧૦).

## LISSA

ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના LISSA (Library and Information Students Association)ના ઉપક્રમે તા. ૧ ઓગષ્ટ ૨૦૧૦ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ના B.L.I.Sc. અને M.L.I.Sc.ની પરીક્ષામાં એક થી ત્રણ ક્રમ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને ગુણપત્રકો એનાયત કરી સન્માનિત કરવાનો કાર્યક્રમ આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન શ્રી બી. જે. અંકુયાના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. આ જ દિવસે B.L.I.Sc.ના અભ્યાસક્રમની શરૂઆત પણ કરવામાં આવી.




આ કાર્યક્રમનું આયોજન LISSA ના પ્રમુખશ્રી શૈલેષ સી. પટેલ, સેક્રેટરી કુ. પારુલ આર. પટેલ, અને ઉપપ્રમુખ શ્રી હિતેષ પટેલ તથા વિદ્યાર્થીઓએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો પરિચય કુ. પારુલ પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. કુ. પારુલ પટેલે કાર્યક્રમનું સંચાલન કરતાં નવીન વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો. LISSAની માહિતી આપતાં શ્રી શૈલેષ પટેલે જણાવ્યું કે, લાયબ્રેરી સાયન્સના વિદ્યાર્થીઓની એક પરિષદની રચના કરવામાં આવેલી છે. LISSAની સ્થાપના ૨૦૦૯માં આસિસ્ટન્ટ લાઈબ્રેરીઅન શ્રી બી. જે. અંકુયાએ કરી હતી. આ પરિષદ વિદ્યાર્થીઓને આર્થિક મદદ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને આવકાર-વિદાય જેવા કાર્યક્રમ તથા અભ્યાસક્રમ અને નોકરી સંબંધિત જાહેરાતની જાણ કરે છે. કાર્યક્રમની આભારવિધિ શ્રી હિતેષ પટેલે કરી હતી.



માર્ચ-એપ્રિલ ૨૦૧૦ માં લેવાયેલ B.L.I.Sc. અને M.L.I.Sc. (પાર્ટ ૧ અને ૨)ની પરીક્ષામાં પ્રથમ, બીજો અને ત્રીજો ક્રમ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સૌ પ્રથમવાર ડિપાર્ટમેન્ટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી બી. જે. અંકુયા, શ્રી એફ. એન. વસાવા અને શ્રી એચ. વી. પટેલના હસ્તે ગુણપત્રકો તેમજ પુસ્તકો એનાયત કરવામાં આવ્યાં હતાં. B.L.I.Sc.ની પરીક્ષામાં પ્રથમ ક્રમે અજાગિયા આર. આર., બીજા ક્રમે કુ. આર. જે. પટેલ અને ત્રીજા ક્રમે સી. એમ. મહેતા રહયા હતા. M.L.I.Sc. (પાટ-૧)ની પરીક્ષામાં પ્રથમ ક્રમે પટેલ એસ. સી., બીજા ક્રમે સી. આઈ. પરમાર અને ત્રીજા ક્રમે પટેલ એચ. પી. રહયા હતાં. તથા M.L.I.Sc. (પાર્ટ-૨)ની પરીક્ષામાં પ્રથમ ક્રમે કુ. પી. આર. પટેલ, બીજા ક્રમે કુ. એ. એન. પટેલ અને ત્રીજા ક્રમે કુ. બી. એન. બંદરિયા રહયા હતા. તેજસ્વી વિદ્યાર્થીઓને શ્રી બી.જે.અંકુયા તરફથી પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં રવિન્દ્ર સોલંકી, રીતેષ અજાગિયા, મનીષા બારોટ, હેતલ ટોપીવાળા, વિશાલ દેસાઈ અને તેજલ પટેલ દ્વારા વિદ્યાર્થીકાળના અનુભવોને ભાવુકતાથી વર્ણન કરવામાં આવ્યું હતું.

# કૉલેજ ન્યૂઝ

## Award



Dr. Arvind G. Mehta, Ex. Principal, Sir P. T. Sarvajanik College of Science, Surat and at present, Principal of B.Com., B. B.A. and B.C.A. College managed by Udhna Academy Education Trust, has been nominated for a prestigious "Rashtriya Gaurav Award" by India International Friendship Society ( I I F S), New Delhi, for the year 2010. The Society in the recent past has conferred this honour to several leading personalities in various specialized fields like Science and Technology, Education, Social work etc. This is indeed an honour for the University, P. T. Science College and Udhna Academy Education Trust-family. Congratulations.

## સ્વર્ણિમ ગુજરાત

સ્વર્ણિમ ગુજરાત અન્વયે સપ્તધારા અંતર્ગત, જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી-સુરત તથા શ્રી પ્રિ. જે. બી. શાહ પુરસ્કૃત તેમજ લાયન્સ કલબ ઓફ સુરત, નોર્થના સહયોગથી નીચે દર્શાવેલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. (વધુ માહિતી માટે www.amrolicollegesurat.com પર સંપર્ક કરો.)


૧. આંતરકોલેજ પાદ્-પૂર્તિ સ્પર્ધા - સર્જનાત્મક અભિવ્યકિતધારા. તા. ૨૭-૦૮-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૨૩-૯-૨૦૧૦)
૨. પ્રતિભા નિખાર ચિત્રકલા આંતરશાળા સ્પર્ધા - રંગકલા કૌશલધારા. તા. ૨૮-૦૮-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૨૩-૮-૨૦૧૦)
૩. આંતરકોલેજ નવલિકા લેખન સ્પર્ધા - સર્જનાત્મક અભિવ્યકિતધારા. તા. ૩૦-૦૮-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૨૬-૮-૨૦૧૦)
૪. આંતરશાળા સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધા - જ્ઞાનધારા. તા. ૩૧-૦૮-૨૦૧૦ (નામ મોકલવાની છેલ્લી તા. ૩૧-૦૮-૨૦૧૦)
૫. પ્રિ. જે.બી. શાહ પુરસ્કૃત આંતરકોલેજ - એકપાત્રિય અભિનય સ્પર્ધા. તા. ૦૧-૦૯-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૨૭-૮-૨૦૧૦)
૬. આંતરકોલેજ નિબંધ સ્પર્ધા - જ્ઞાનધારા. તા. ૦૩-૦૯-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૩-૮-૨૦૧૦)
૭. આંતરકોલેજ ચિત્ર સ્પર્ધા - રંગકલા કૌશલધારા તા. ૦૪-૦૯-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૩૦-૮-૨૦૧૦)
૮. સ્વં શાંતાબેન નગીનદાસ બલસારા પુરસ્કૃત આંતરકોલેજ પુસ્તક પરિચય સ્પર્ધા - જ્ઞાનધારા. ૦૬-૦૯-૨૦૧૦.
૯. પ્રિ. જે.બી. શાહ પુરસ્કૃત આંતરકોલેજ પર્યાવરણ વકતૃત્વ સ્પર્ધા - સમુદાય સેવાધારા. તા. ૦૮-૦૯-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૭-૯-૨૦૧૦)
૧૦. આંતરકોલેજ પર્યાવરણ વકતૃત્વ સ્પર્ધા - સમુદાય સેવાધારા. તા. ૦૮-૦૯-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૩-૯-૨૦૧૦)
૧૧. 'સુહાસી' - ડૉ. ચંપકલાલ હી. ગાંધી પુરસ્કૃત આંતરકોલેજ કાવ્ય-પઠન સ્પર્ધા - સર્જનાત્મક અભિવ્યકિતધારા. તા. ૧૩-૦૯-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૭-૯-૨૦૧૦)

૧૨. ડૉ. રમાબેન એચ. પટેલ પુરસ્કૃત આંતરકોલેજ સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધા - જ્ઞાનધારા. તા. ૧૪-૦૯-૨૦૧૦. (નામ મોકલવાની છેલ્લી તા. ૯-૯-૨૦૧૦)

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૨૪-૦૭-૧૦ના રોજ યોજાયેલ ગુરૂપૂર્ણિમા તથા વાંચે ગુજરાત અભિયાન' અંતર્ગત તરતાં પુસ્તકોના કાર્યક્રમમાં તાલીમાર્થી દ્વારા આચાર્યશ્રી તથા અધ્યાપકોનું તિલક-પૂજન કરી પુષ્પગુચ્છથી સ્વાગત કરી આશિર્વાદો મેળવ્યા હતા. તાલીમાર્થી દ્વારા ગુરૂ વિશે રસપ્રદ-હૃદયપૂર્વક વકતવ્યો-ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. ગુરૂપૂર્ણિમાની ઉજવણીનાં પવિત્ર દિને 'વાંચે ગુજરાત અભિયાન' અંતર્ગત આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા 'સંપૂર્ણ ચાણકય નીતિ' પુસ્તક અધ્યાપકમિત્રો વચ્ચે તરતું મૂકવામાં આવ્યું હતું. તેમજ કોલેજના તમામ તાલીમાર્થીઓ પણ પુસ્તકોનું વાંચન કરે, વિચાર અને વિકસે એ હેતુથી તાલીમાર્થીઓ દ્વારા પણ ૧૦ પુસ્તકો તરતાં મૂકવામાં આવ્યા હતા.

શ્રી આર.એમ. દેસાઈ આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ. લહેર કોસાડીયા કોમર્સ કોલેજ, ચીખલીમાં તા. ૦૮-૦૭-૨૦૧૦ના રોજ પ્રવેશોત્સવ, "વાંચે ગુજરાત" અને વૃક્ષારોપણના ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ અને સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત "વાંચે ગુજરાત" અને વૃક્ષારોપણ કાર્યક્રમ કોલેજના ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ દેસાઈના અધ્યક્ષપદે તથા ચીખલીના ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલના અતિથિવિશેષ પદે યોજવામાં આવ્યો હતો. ભગિની સંસ્થા બી.સી.એ. કોલેજની વિદ્યાર્થિની ભાવિ લાડ યુનિવર્સિટીમાં પ્રથમ આવી તેનું સન્માન કરવામાં આવ્યું. 'તરતાં પુસ્તકો'ની યોજનાને આધારે અધ્યાપકો દ્વારા ખરીદાયેલા પુસ્તકો કોલેજના વિદ્યાર્થીઓને વાંચવા આપ્યાં હતાં. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને સારા અને ઊંચા લક્ષ્યને સફળતાપૂર્વક પાર પાડવા પુરૂષાર્થ કરવા જણાવ્યું હતું.

## વાલી-અધ્યાપક મંડળ



નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં પાંચ વર્ષથી ખૂબ જ સક્રિય રીતે વાલી-અધ્યાપક મંડળ ચાલે છે. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિઓ ઉપરાંત સ્કોપના સ્પોકન ઈંગ્લીશ તેમજ કમ્પ્યૂટરના વર્ગો પણ આ મંડળના સહકારથી ચાલે છે. આ વર્ષે તા. ૧૮-૦૭-૨૦૧૦ના રોજ મળેલી વાર્ષિક સાધારણ સભામાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહયા હતા. શૈક્ષણિક ચર્ચા ઉપરાંત ગુજરાત સરકારનાં "વાંચે ગુજરાત" અભિયાન નિમિત્તે સહમંત્રીશ્રી મિચલાની અપીલથી પ્રેરાઈને ઉપસ્થિત વાલીઓ પૈકી ઘણા વાલીઓએ કોલેજની લાયબ્રેરીને પોતાના તરફથી રૂા. ૧૮૦૦૦/-ના પુસ્તકોનું દાન કરવાની જાહેરાત કરી હતી જેમાં પ્રમુખશ્રી રમેશભાઈ પટેલનો મુખ્ય ફાળો રહયો હતો. આચાર્યશ્રી અશ્વિનભાઈએ પ્રતિભાવમાં વિદ્યાર્થીઓને તેમના વાલી માટે પણ વધારાનાં પુસ્તક વાંચવા માટે મળે તે માટે ગ્રંથાલયમાં વધારાનું આયોજન કરવા જણાવ્યું હતું. સભામાં હોદ્દેદારો તેમજ કાર્યવાહક સમિતિનાં સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## વૃક્ષારોપણ



અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ બી.એડ. કોલેજ, સુરત કોલેજના સેક્રેટરીશ્રી મેહુલભાઈ જોષી અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સુરત મેઈન શાખાનાં (૧) એન.બી. પાઠક (એ.જી.એમ. સુરત) (૨) યોગેશ જે. ત્રિવેદી (ચીફ મેનેજર એસ.આર.) (૩) આ.બી. સોલંકી (ચીફ મેનેજર સુરત રિજયન) (૪) રાજેશ જગતાપ (મેનેજર સિસ્ટમ) અધિકારી વર્ગની ઉપસ્થિતિમાં અને તેમના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના સેક્રેટરીશ્રી મેહુલભાઈ જોષીએ પ્રવર્તમાન પર્યાવરણ અંગે ચિંતા વ્યકત કરી હતી. ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે સ્વાગત પરિચય અને બી.બી.એ.ના ઈ.ચા. આચાર્ય વિરલબેન વ્યાસે આભારવિધિ કરી હતી..

## નાટક





તા. ૦૮-૦૭-૨૦૧૦ના રોજ કમલા કોલેજ ઓફ એજ્યુકેશન, ખોલવડમાં વ્યસન મુકિત સંદર્ભે સંસ્થાના પ્રમુખશ્રી કે.કે. પટેલ અને ડાયરેકટરશ્રી ડૉ. અશોક વ્યાસની હાજરીમાં "લાઈફ લાઈન ચેરીટેબલ ટ્રસ્ટ" દ્વારા આયોજીત શ્રી ઘનશ્યામભાઈ ઈટાલીયા કૃત "જિંદગી" નાટક રજૂ કરવામાં આવ્યું હતું. વ્યસનની જાળમાં સપડાયેલ યુવાનનું કૌટુંબિક જીવન કેવું વેર-વિખેર થઈ જાય છે, અને પરિવારજનો પોતાન લાડકવાયાને મૃત્યુની ચુંગાલમાંથી છોડાવવા અથાગ પ્રયત્નો કરે છતાં વ્યસનરૂપી કાળનો કોળીયો તેમના કુળદીપકને ગળી જાય છે. આ નાટકનો આવો સચોટ અંત આવતા વાતાવરણ ભાવુક બની ઉઠયું હતું. ઈન્ટર હયુમન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્મૃતિભેટ અર્પણ કરીને આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

## સ્પર્ધા

જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી. એન. પંડયા બી.એડ્. કોલેજ, વાડોદ અલૂણાવ્રત નિમિત્તે મહેંદી, કેશગૂંફન તથા બૂકે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ પ્રશિક્ષણાર્થી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમ પટેલ ડિમ્પલ એન. દ્વિતીય પટેલ જિગીષા એસ. તથા તૃતીય પટેલ સુનીતા પી. તથા પટેલ અનિતા એલ. વિજેતા થયા હતા. કેશગૂંફન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રજાપતિ કલ્પના સી. અને દ્વિતીય ક્રમે પાડવી મીતા આર. વિજેતા થયા હતા તથા બુકે સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ ચેતન એસ. અને પાંચાલ હિરેન એસ. તથા દ્વિતીય ક્રમે પટેલ રાધા બી અને પટેલ દિવ્યા જી. વિજેતા બન્યા હતા.



સર કે.પી.કોમર્સ કોલેજ, સુરતના નેતૃત્વમાં યોજાયેલ અંતર કોલેજ તરણ સ્પર્ધામાં યુનિવર્સિટીની જે.પી.ડાવર (એમ.એસસી.આઈ.ટી.) ટીમ વિજેતા થઈ હતી. જયારે નવયુગ કોમર્સ કોલેજ, સુરત ઉપવિજેતા રહી હતી. સ્પર્ધામાં ભાઈઓના વ્યકિતગત વિજેતા તરીકે યુનિવર્સિટીના જે.પી.ડાવર (એમ.એસસી.આઈ.ટી.)ના છાત્ર શ્રી જે.ડી. પટેલ રહતા હતા. તેમજ મહિલા વિભાગમાં યુનિવર્સિટીના જે.પી.ડાવર (એમ.એસસી.આઈ.ટી.)ની છાત્રા ઉર્વશી સારંગ રહી હતી.



આ સ્પર્ધાના પૂર્ણાહુતિ કાર્યક્રમમાં શ્રી પોલ ડેવિડે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહીને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું. અતિથિ વિશેષ તરીકે સિન્ડિકેટ સભ્યશ્રી કિરીટસિંહ વાંસદિયા ઉપસ્થિત રહયા હતા. વિજેતાઓને ટ્રોફિઓ એનાયત કરવામાં આવી હતી. આભારવિધિ પ્રા.દિનેશ પરમાર અને પ્રા. અમિત પટેલે કરી હતી.

સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૨૨-૭-૨૦૧૦ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આચાર્યશ્રી ડૉ.યુ.ટી.દેસાઈના માર્ગદર્શન અને પ્રોત્સાહન વડે યોજાયેલ મહેંદીની સ્પર્ધામાં બહેનો અને ભાઈઓએ ભાગ લઈ મહેંદીની ભાતનું દર્શન કરાવ્યુ હતું. તેમજ ઈન્ટરકોલેજ મહેંદી સ્પર્ધામાં વિવિધ કોલેજમાંથી ૭૦ જેટલી વિદ્યાર્થીની બહેનોએ ભાગ લઈને "ગૌરી વ્રત" ના આગલા દિવસને ખૂબ જ ભકિતભાવપૂર્ણ દિવસ બનાવી દીધો. હતો. આ મહેંદી સ્પર્ધામાં ત્રણ (૧) ટ્રેડિશનલ મહેંદી સ્પર્ધા (૨) અરેબિક મહેંદી (૩) જવેલરી મહેંદી. સ્પર્ધાના પરિણામો નીચે પ્રમાણે છે જેનું વિતરણ આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈ તથા શ્રી બંટીશાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

**ઈન્ટર કોલેજ ટ્રેડિશનલ મહેંદી સ્પર્ધા :** પ્રથમ : કુ. બોનિષા પીપવાલા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). દ્વિતીય : કુ. મુદ્રા ખુશ્બુ (ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણા). તૃતીય : કુ. અંજુ મિસ્ત્રી (ઝેડ.એફ. વાડીયા વિમેન્સ કોલેજ). આશ્વાસન : કુ. પ્રિયંકા ઠકકર (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). **ઈન્ટર કોલેજ અરેબિક મહેંદી સ્પર્ધા :** પ્રથમ : કુ. હિરલ ભિમાણી (વાડીયા વિમેન્સ કોલેજ, સુરત). દ્વિતીય : કુ. આશિયા શેખ (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). તૃતીય : કુ હીના કથીરીયા (જે.બી. ધારૂકાવાલા કોલેજ, વરાછા). આશ્વાસન : કુ. વૈશાલી વીરાણી (વાડીયા વિમેન્સ કોલેજ, સુરત. **ઈન્ટર કોલેજ જવેલરી મહેંદી સ્પર્ધા :** પ્રથમ : કુ. નિમિષા એસ. ડાખરા (જે.બી. ધારૂકાવાલા કોલેજ, વરાછા). દ્વિતીય : કુ. અંકિતા દાલવાલા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). તૃતીય : કુ. નિશા મિસ્ત્રી (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). આશ્વાસન : કુ. વૈશ્નવી ઘીવાલા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત).

## સેમિનાર

શ્રી એમ.આર. દેસાઈ આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ. લહેર કોસાડીયા કોમર્સ કોલેજ, ચીખલીમાં તા. ૧૨-૦૭-૨૦૧૦ના દિવસે ભારત સરકાર દ્વારા શરૂ થયેલ આપતિ વ્યવસ્થાપન જનજાગૃતિ કાર્યક્રમ અન્વયે ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને રિલિફ કમિશ્નર ગાંધીનગર તથા કલેકટર કચેરી નવસારીના ઉપક્રમે કુદરતી અને માનવસર્જિત આપત્તિનો સામનો કેવી રીતે કરવો તે અંગેની માહિતી અને નિદર્શનના કાર્યક્રમમાં ચીખલી તાલુકાના મામલતદારશ્રી, ડે. મામલતદારશ્રી, ડી.પી. એ.શ્રી રાવ, કમાન્ડીંગ ઓફિસરશ્રી બીસ્વાસ, મેજેર શ્રી સુરેશજી, કોલેજના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્વેતલભાઈ દેસાઈ, ઈ.ચા. આચાર્યશ્રી યોગેશભાઈ દેસાઈ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમને માણ્યો હતો. કાર્યક્રમનું આયોજન વોકેશનલ ગાઈડન્સ અને ઉદિશા સેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતની કેરિઅર ગાઈડન્સ કમિટીના નેજા હેઠળ કોલેજના વિદ્યાર્થીઓને શ્રમ અને રોજગાર મંત્રાલય માન્ય વિવિધ અભ્યાસક્રમો તેની પરીક્ષાઓ વિ.નું સંચાલન શ્ભ્ફ્ દ્વારા કરવામાં આવે છે. તે અંગેની જાણકારી આપતા સેમિનારનું આયોજન તા. ૨૦-૭-૧૦ના રોજ સ્પેકટર કમ્પ્યૂટર ઈન્ફોરમેશન ટેકનોલોજી સુરત બ્રાંચના સી.ઈ.ઓ. દિપાલી પટેલે આપી હતી. આ અભ્યાસક્રમની પરીક્ષાના અંતે મળનાર પ્રમાણપત્રની અગત્યતા તથા વિદ્યાર્થીબહેનો તથા પછાત વર્ગના વિદ્યાર્થીઓને મળતી પરીક્ષા ફીમાંથી મુકિત અંગે તેમણે જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓના આઈ.ટી. જ્ઞાનની ચકાસણી અર્થે એક નમૂનાની ટેસ્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સેમિનારનું આયોજન અને સંચાલન પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. સીમાબેન દેસાઈએ કર્યુ હતું.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતની કેરીઅર ગાઈડન્સ કમિટીના નેજા હેઠળ કોલેજના વિદ્યાર્થીઓને બી.પી.ઓ ક્ષેત્રે રોજગારીની તકો, તે માટેની લાયકાતો તે અંગેના અભ્યાસક્રમોની જાણકારી આપતા એક સેમિનારનું આયોજન તા. ૨૧-૭-૧૦ના રોજ Orion Call Tech સુરત શાખાના રિજીયોનલ ડિરેકટરશ્રી ભરત પ્રજાપતિએ વિગતે આ બાબતોની જાણકારી આપી હતી શ્રમ અને રોજગાર મંત્રાલય ભારત સરકાર માન્ય બી.પી.ઓ.ના અભ્યાસક્રમ, પરીક્ષા વિ. અંગે પણ વિગતે માહિતી આપી હતી. સેમિનારનું આયોજન અને સંચાલન પ્રા. તેજસ સુખડવાળાએ કર્યુ હતું.

## ઊજવણી

તા. ૨૪-૦૭-૧૦ના રોજ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન એમ.એડ્., સુરતમાં ગુરૂપૂર્ણિમા નિમિતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને શ્લોક, ભજન, વકતૃત્વ, નાટક, જેવી કૃતિઓ રજૂ કરી હતી. ઈ.ચા. પ્રિન્સિપાલ પ્રા. નિહારીકા બેન, ડૉ. સ્નેહલતાબેન, જીગ્નેશભાઈ, રાજેશભાઈ તથા ડૉ. કીર્તિબેને પોતાના વિચારો વ્યકત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન સોલંકી કિરણભાઈએ કર્યુ હતું.

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે :

બી.જે. અંકુયા, તંત્રી, 'દક્ષિણાયન'<br>
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,<br>
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**ભારતીય સંસદ.** લેખક : ડૉ. વૈદેહી વિદ્યાલિયા. દિલ્હી : નવરાજ પ્રકાશન, ૨૦૦૬. રૂા. ૪૦૦

ભારતીય સંસદ વિશ્વની સૌથી વિશાળ લોકતંત્રની જનપ્રતિનિધિ સભા છે. તે મોટાભાગે બ્રિટિશ સંસદ પર આધારિત છે. આઝાદી પછી જે ઝડપે રાષ્ટ્રના સાર્વજનિક જીવનનું પતન થયું છે, તે વિચારવા જેવી બાબત છે.

લેખકનો આ ગ્રંથ શોધ પ્રબન્ધ છે. આ ગ્રંથમાં દેશની સંપૂર્ણ શાસન વ્યવસ્થાનું અધ્યયન છે. પ્રથમ સંસદ (૧૯૫૨-૫૭)ને આ શોધ પ્રબંધના અધ્યયનનો આધાર બનાવવામાં આવેલ છે. આ શોધ પ્રબન્ધ ત્રણ ભાગોમાં વિભાજિત છે - સંરચનાત્મક, કાર્યાત્મક અને ઉપસંહાર. સંરચનાત્મક ભાગમાં ભારતીય સંસદનું સંવૈધાનિક વિશ્લેષણ, તેનું સંગઠન, પદાધિકારીઓ, લોકસભા અને રાજયસભામા સંબંધ, સમિતિઓ અને વિશેષધિકારનું અધ્યયન કરવામાં આવેલ છે. કાર્યાત્મક વિભાગમાં કાનૂનનિર્માણનું સ્વરૂપ, સંસદીય પ્રશ્ન, સંકલ્પ, પ્રસ્તાવ અને સંવૈધાનિક સંશોધનોનું વિશ્લેષણ, સંસદ અને કાર્યપાલિકા, સત્તારૂઢ દળ અને વિરોથી દળની ભૂમિકાનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. અંતિમ ભાગમાં સંસદની ઉપલબ્ધિઓ અને નિષ્કર્ષનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

આ ગ્રંથમાં પ્રથમ સંસદમાં કેટલાક સાંસદોની મુલાકાત પણ સામેલ છે. આ ગ્રંથ તૈયાર કરતી વખતે લેખકે અનેક વિષય વિશેષજ્ઞો, સંસ્થાઓ, સંસદીય પુસ્તકાલય, સંવૈધાનિક અને સંસદીય શોધ સંસ્થા, સપ્રૂ હાઉસ પુસ્તકાલય, તીન મૂર્તિ ભવન સ્થિત નહેરુ મ્યૂજિયમ પુસ્તકાલય, આગરા વિશ્વવિદ્યાલય પુસ્તકાલય, આગરા કોલેજ, આગરાનાં પુસ્તકાલયોનો સવિશેષ ઉપયોગ કર્યો છે.

વિશ્વની સૌથી મોટી લોકશાહીના એક નાગરિક તરીકે ભારતીય સંસદની અનેકવિધ કાર્યપદ્ધતિઓથી પરિચિત થવા માટે આ ગ્રંથનું વાચન સૌકોઈએ કરવું રહયું. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

જે.આર. મહેતા, કુલસચિવ

## કાર્ય

આપણા દેશની પ્રગતિમાં મારા પ્રદાન માટે જયારે જયારે મને ઈનામ-અકરામો મળ્યાં છે, મેં હંમેશા એ વાત ઉપર જ ભાર મૂકયો છે કે એ ઈનામ-અકરામો મારી જ નહિ બલકે જે ઘણા લોકોની સાથે રહીને મને કામ કરવાનો વિશેષાધિકાર મળ્યો તેમની જ કદરરૂપે મળેલ છે. આથી પણ વધુ ભારથી હું એમ કહેવા ઈચ્છું છું કે મારાં પ્રદાનો શકય બનવા પાછળ એ મૂળભૂત મૂલ્યો પ્રત્યેની મારી નિષ્ઠા છે, તે મૂલ્યોને સતત વળગી રહેવાને કારણે એ બધું શકય બન્યું છે... એ વાત મને સ્પષ્ટ થઈ ચૂકી છે કે પ્રામાણિકતા-અને તેમાં પણ વ્યકિતગત પ્રામાણિકતા-નો અર્થ એ છે કે તમે તમારી જાત પ્રત્યે પ્રામાણિક રહો. જો તમે પોતાની જાત પ્રત્યે હંમેશા પ્રામાણિક રહેશો તો બીજાઓ સાથે પ્રામાણિક રહેવા માટે કંઈ બહુ પ્રયત્ન કરવો પડતો નથી... જીવન એક વિશેષાધિકાર છે અને તેને વેડફી નાખવું એ ખોટું છે. આ વિશેષાધિકાર જેવું 'જીવન' જીવવા માટે મારે પોતાની જવાબદારીઓનો પૂરો સ્વીકાર કરવો જ ઘટે. તમારામાં રહેલી શકિતઓ અને ખાસિયતોનો પૂર્ણ ઉપયોગ હંમેશા કરવો અને તમારી સમક્ષ કોઈ ને કોઈ રીતે જરૂર સ્પષ્ટ થતો રહેશે. તમે આસપાસ નજર નાખો તો તમે ઘણું કામ કરવાનું બાકી છે તે જોઈ શકશો. તમારા મિત્રને કોઈ જરૂર હશે, તમારા શિક્ષક કોઈ સ્વયંસેવક માટે તપાસ કરતા હશે; કે તમે જે સમાજમાં રહો છો તે કોઈ પ્રદાન માટે જરૂર અનુભવતો હશે. આશા છે કે, જેમ મને તેની શોધ થઈ શકી તેમ તને પણ એ વાતની શોધ થઈ જશે કે નિષ્ફળતાનો અર્થ એ નથી કે સફળતા ન મળી. બલ્કે, નિષ્ફળતા એ છે કે તમે તમારી બને તેટલી શકિતથી પ્રયત્નો ન કર્યા. ભલે ગમે તેટલા નાના અંશે પણ જનહિત માટે કોઈ પ્રદાન ન કર્યું.

તું પણ એ મારી જેમ સમજી જઈશ કે જીવનમાં ગમે તે વખતે ગમે તે કષ્ટ આવી પડી શકે છે, અને ઘણું ખરું આવી જ પડતું હોય છે. છતાં, લોકોના જીવનની સ્થિતિ અને તેઓ તેમાં કેટલી ખુશી અથવા સુખ અનુભવી શકે છે તે બે વચ્ચે કશું અનુસંધાન હોતું નથી. આપણામાંના મોટાભાગના એવી વ્યકિત સાથે પોતાની તુલના કરે છે જેને પોતાનાથી તે વધુ સુખી માને છે.

(સાભાર : મારું સ્વપ્ન. લેખક : વર્ગીસ કુરિયન)

---

कभी–कभी हमें लग सकता है कि जीवन अब हाथों से निकला जा रहा है । जैसे एक सूखा पत्ता जिसे हवा उडाए लिए जा रही हो, जैसे एक रेत का कण जो कहीं पर धंस गया हो । लेकिन किसीने कभी नहीं कहा कि जीवन फूलो की सेज है : जीवन फूलो की सेज नहीं है । लेकिन व्यक्ति अपना मार्ग खुद ही तय कर सकता है और उस मार्ग पर चल भी सकता है ।

कर्मचारी केवल एक कर्मचारी नहीं है । मजदूर केवल एक क्लर्क ही नहीं है । वे जीते–जागते, सांस लेते महत्वपूर्ण आधार स्तम्भ हैं जिनके उपर हमारी सभ्यता की सम्पूर्ण इमारत खडी है । वे किसी विशाल मशीन में लगे छोटे–छोटे गियर नहीं है, वे तो स्वयं ही मशीन है ।

एल. रॉन हबर्ड

---

**VNSGU**
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant**

**Published by : Shri J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com